# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨ • તા. ૨૩ જુન થી ૨૯ જુન ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishana Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## જ્ઞાતિ મુકુટમણિ
## શેઠ શ્રી કેશવજી નાયક






મેળવીને જ જંપવું
એ કદાચ
સફળ માણસની
નિશાની છે
પણ જે મળ્યું હોય
એમાં હસતો ચહેરો
રાખને જીવવું એ
સુખી માણસની નિશાની છે.

– આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ
મહારાજ સાહેબ



- નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણીલાલ ખોના**

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**તીલોકચંદ નરશી દંડ**

**કિર્તીકુમાર ધનજી ધરમશી**



**: કાર્યાલય:**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.

**Tel. 9769991922, 9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**www.gyatimaiya.com**

**email : gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓઆ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવ-તા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# સંપાદક સ્થાનેથી

## યુવાશક્તિ એ જ જ્ઞાતિની પ્રગતિનું અન્જિન

સુજ્ઞ જ્ઞાતિજનો,

૩૧,૦૦૦ જેટલી જનસંખ્યા ધરાવતી આપણી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ શાહ સોદાગરોની જ્ઞાતિ ગણાય છે. ભવ્ય ભૂતકાળ ધરાવતી આપણી જ્ઞાતિના અનેક સપૂતોએ યુવા વયે જ વ્યાપાર ક્ષેત્રે પોતાના સાહસ અને કોઠાસૂઝથી મુંબઈ, સમગ્ર ભારત અને દેશ વિદેશમાં ડંકો વગાડ્યો અને જ્ઞાતિની પ્રગતિ સાથે પોતપોતાના વિસ્તારની પ્રગતિમાં નિમિત્ત બન્યા. આમ આપણી જ્ઞાતિનો યુવાશક્તિનો ઈતિહાસ ઉજ્જ્વળ છે.

વર્તમાન પરિસ્થિતિમાં દ્રષ્ટિપાત કરીએ તો સમગ્ર ભારતની જેમ આપણી જ્ઞાતિની ૫૦ ટકા જેટલી જનસંખ્યા ૩૫ વર્ષથી ઓછી વયની યુવાવસ્તી છે. યુવાવસ્તીનો અર્થ કાર્યશીલ વસ્તી એવો પણ થાય. એટલે આજે જ્ઞાતિમાં નાના બાળકો અને અકાર્યશીલ વૃધ્ધો કરતાં યુવાનોની સંખ્યા વધારે છે.

આ અફાટ યુવાશક્તિ વરદાન છે કે પડકાર એ મહત્વનો પ્રશ્નો છે કારણ કે જો યુવા શક્તિનો સાચા માર્ગે ઉપયોગ કરવામાં ન આવે તો જ્ઞાતિની પ્રગતિનો ગ્રાફ ઊંચો જતો અટકી જાય એવી શક્યતા છે. સાથે સાથે જો આ યુવા વર્ગને સાચી રાહ ચીંધવામાં આવે તો એ જ્ઞાતિ વિકાસની મજબૂત કડી સાબિત થઈ શકે છે.

સમાજમાં આજે ભણતરનું પ્રમાણ વધ્યું છે. યુવા માનસનું ઘડતર મુખ્યત્વે શાળા અને યુનિવર્સિટીઓમાં અપાતા શિક્ષણથી ઘડાય છે. પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થા યુવાનોને એક જવાબદાર નાગરિકમાં પરિવર્તિત કરવાને બદલે તેમને માત્ર માહિતીના સંગ્રહાલયો બનાવી દે છે. તેમનામાં સર્જનાત્મક વિચારો અને કૌશલ્યનું નિરૂપણ મહદઅંશે કરવામાં આવતું નથી. યુવાનોને નવી નવી તકો માટે તૈયાર કરવાને બદલે શિક્ષક, એન્જિનિયર કે છેવટે કલાર્ક કે અકાઉન્ટંટ જેવી નોકરીઓ માટે તૈયાર કરી તેમને નોકરી શોધનાર (જોબ સર્ચર) બનાવી રહી છે. વિશેષમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર યુવા વર્ગ બહુધા જ્ઞાતિના મુખ્ય પ્રવાહથી અલગ પડતો જાય છે.

આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે પ્રથમ તો યુવાનોને રોજગારી શોધનારા (જોબ સીકર્સ)ને બદલે રોજગારી ઉત્પન્ન કરનારા (જોબ ક્રિયેટર્સ) તરીકે તૈયાર કરવા પડશે. બીજું જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ દ્વારા એવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ જેમાં ભાગ લેવા યુવાનો આકર્ષાય. તાજેતરમાં વિવિધ સ્થળોએ યોજાઈ ગયેલ રમતોત્સવમાં સમાજના યુવા વર્ગે જે ઉત્સાહથી ભાગ લીધો અને વિવિધ રમતોમાં કૌશલ્યનું પ્રદર્શન કર્યું તે ઉત્સાહ પ્રેરક છે. રમતગમત ઉપરાંત વક્તૃત્વ, નાટ્ય અને અન્ય કલાક્ષેત્રે આ પ્રકારના કાર્યક્રમો વધુને વધુ સંખ્યામાં આયોજિત કરવા જોઈએ. જેમાં ભાગ લેવા સમાજની યુવાશક્તિ આકર્ષાય અને જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં ભળે. યુવાશક્તિ જ જ્ઞાતિની પ્રગતિનું એન્જિન છે અને એમાં તેમની પસંદગીનું ઉત્સાહવર્ધક બળતણ પૂરૂં પાડતા રહેવાથી જ જ્ઞાતિની અવિરત પ્રગતિ થતી રહેશે.

જય જ્ઞાતિમૈયા!


VEENA NAGDA BOLLYWOOD MEHENDI ACADEMY
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western Etc.
Women's Day Special Discount
Malad (W):
Nr. Rly. Station.
Time: 11 to 3pm.
Call: 9920641717
Masjid Bunder (W):
Nr. Rly. Station.
Time: 11am to 3pm.
Call: 9820431717
Out of Mumbai, Inquiries also Available.
Special Discount For S.S.C.
Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# કવર સ્ટોરી...

## જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયક



સન ૧૮૦૧માં જ કચ્છ અબડાસાના લાખણિયા ગામે મોતા હીરબાઈ નાયકના ઘરે પુત્રરત્નની પધરામણી થાય છે. એ રતન એટલે જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયક. અંગ્રેજ શાસકો પાસેથી પ્રતિષ્ઠિત જે.પી. (જસ્ટિસ ઓફ પીસ)નો ખિતાબ મેળવનારા તેઓ પહેલા કચ્છી હતા. પોતાના પુરોગામીની જેમ કેશવજી નાયકે પણ જ્ઞાતિ શિરોમણિના કાળમાં સંગઠિત થવા માંડેલી જ્ઞાતિને જાહોજલાલીની જવલંત ટોચે પહોંચાડવામાં અનન્ય યોગદાન આપ્યું. સન ૧૮૭૬માં એમણે બંધાયેલી પાણીની પરબ એટલે ભાત બજારનો કુવારો. તત્કાલીન વાઈસરોય ગર્વનર વૂડહાઉસના હસ્તે તેનું ઉદ્ઘાટન થયું હતું. આજે તો આ સ્થાપત્યને ગ્રેડ ટુ હેરિટેજ સ્ટ્રક્ચર તરીકે માન્યતા મળી છે. જ્ઞાતિના મુંબઈ મહાજનના નેજા હેઠળ તેનો હાલમાં જ પુનરોદ્ધાર કરવામાં આવ્યો. એ પછી રવિવાર, આઠમી માર્ચ ૨૦૧૫ના રોજ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે તેનું ઉદ્ઘાટન થયું. આપણી જ્ઞાતિ માટે એ ગૌરવશાળી બાબત છે અને એક સીમાચિહ્ન પણ છે.

જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશી નાથા અને જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયકે કરેલા શુભ કાર્યોની યાદી એટલી લાંબી છે કે એના પર પુસ્તકો લખાઈ શકે છે. એમના શુભ કાર્યોની એક ઝાંખી એટલે મસ્જિદ બંદર માંડવીના ધમધમતા વિસ્તારોને નરશી નાથા સ્ટ્રીટ અને શેઠશ્રી કેશવજી નાયક રોડ જેવાં નામ આપવાના તે બાબત. આજની વાત કરીએ તો ૯૯ ટકા સાક્ષરતાની વિરલ સિદ્ધિ સાથે જ્ઞાતિ દરેક મોરચે નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે.




**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (નલિયા)**

ધર્મશાળા-ફળિયા, નલિયા-કચ્છ. ફોન : ૦૨૮૩૧ ૨૨૨૩૩૭

**ચર્તુથ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે ચર્ચા-વિચારણા કરવા સર્વે નલિયાવાસી જ્ઞાતિજનો જોગ**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનનું ચર્તુથ સંમેલનના યજમાનનો લાભ આપણા મહાજનને મળ્યો છે. તે બદલ હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ ચર્તુથ સંમેલનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા માટે આપણે સૌ ગામવાસીઓ તેમજ ગામની નિયાણી બહેનોની એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં સર્વની હાજરી અનિવાર્ય છે. તો આપ સર્વેને પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ :**

હોટેલ અર્ચના રેસીડેન્સી (બેંકવેટ હોલ),

એલ.બી.એસ.માર્ગ, મુલુંડ ચેકનાકાની બાજુમાં, મુલુંડ (વે), મુંબઈ - ૮૦.

**સમય :** રવિવાર, તા.૦૫-૦૮-૨૦૧૮ બપોરના ૩ થી ૫ કલાકે

ત્યારબાદ અલ્પહાર

લી.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા ના ટ્રસ્ટીગણ**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## પ્રસ્તાવના અને પરિચય

સમગ્ર શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓ સારી રીતે નિભાવી શકાય અને તેની જરૂરીયાતો સારી રીતે સંતોષી શકાય તે ઉદ્દેશે મધ્યસ્થ સંસ્થા હોવી જોઇએ એવો વિચાર મુંબઇ મહાજનશ્રીના પ્રમુખ શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાને ૧૯૮૫માં આવતાં તેમણે સાથી પદાધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરીને વ્યવસ્થાપક સમિતિ સમક્ષ રજુઆત કરી અને મધ્યસ્થ સંસ્થાનું માળખુ તૈયાર કરવા સમિતિની રચના કરી.

સમિતિએ શ્રી વરિષ્ઠ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના નામ સાથે એક માળખો તૈયાર કરીને જ્ઞાતિજનો સમક્ષ સુધારા વધારા સૂચવવા પ્રકાશિત કર્યું. જ્ઞાતિ પાસેથી આવેલા સૂચનોને બંધારણમાં સમાવેશ કરીને જ્ઞાતિના બધા જ મહાજનોને મોકલવામાં આવ્યાં, અને તા. ૧૫-૧૨-૧૯૯૦ના રોજ બધા મહાજનોની સભામાં સમસ્ત મહાજનનું બંધારણ પાસ થયું જે જ્ઞાતિના ત્રીજા સંમેલન (તા. ૧૩ થી તા. ૧૫ ડીસેમ્બર ૧૯૯૧)માં સર્વાનુંમતે મંજુર રહ્યું. સમ્મેલનના પ્રમુખને જરૂરી કાર્યવાહી કરવા સતા આપવામાં આવી અને ચેરીટી કમિશનરની કચેરીમાં રજીસ્ટર કરાયું.

તે પછી શ્રી રાજેન્દ્રભાઇ ખોના મુંબઇ મહાજનના પ્રમુખપદેથી નિવૃત્ત થતાં બદલાયેલા સંજોગોમાં કાર્યવાહી ન થતાં સમસ્ત મહાજન સુશપ્તતાની ગર્તામાં ધકેલાઇ ગયું. બે મેનેજીંગ ટ્રસ્ટીનું અવસાન થતાં અને ત્રીજા મે. ટ્રસ્ટીનો કાર્યકાળ સમાપ્ત થતાં ડીફંડ થઇ ગયું.

૨૦૦૮ આસપાસ જ્ઞાતિના આગેવાનો દ્વારા શ્રી સમસ્ત મહાજને પુનઃ કાર્યાન્વિત કરવાની પ્રક્રિયા શ્રી તિલોકચંદભાઇ દંડની આગેવાનીમાં આરંભી, શ્રી રાજેન્દ્રભાઇએ મહાસમિતિનું ગઠન કરીને ટ્રસ્ટીઓની સભા તા. ૦૫-૦૬-૨૦૧૦ના શ્રી ભપેન્દ્રભાઇ ની ઓફીસમાં વાશી મુકામે બોલાવી, જેમાં મે. ટ્રસ્ટીઓ તરીકે શ્રી તિલોકચંદભાઈ નરશી દંડ, શ્રી ભૂપેન્દ્ર મુરજી દંડ, શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા અને ચીમનભાઇ મેઘજી મોતા સેકેટરી જનરલ તરીકે ચૂંટાયા. ૫ વર્ષની નવી પહેલી ટર્મમાં સમસ્ત મહાજને જ્ઞાતિમાં પોતાના અસ્તિત્વની હાજરી નોંધાવી પાયાના કાર્યો કર્યા.

હાલમાં સમયાનુસારે મહાસમિતિની સભાઓ મળે છે. દર એક/બે મહિને ટ્રસ્ટ બોર્ડની સભાઓ મળે છે અને જ્ઞાતિના બધા મહાજનો સાથે કો-ઓર્ડીનશનું કામ થાય છે. જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના પ્રશ્નોનું નિરાકરણ કરવા કાર્યવાહી થાય છે. અકસ્માત મૃત્યુ માટે ઇન્સ્યુરન્સની સુવિધા પણ આપવામાં આવી. ૨૦૧૬માં મહાસમિતિ તથા ટ્રસ્ટ બોર્ડની મુદત પૂરી થતા બંધારણ પ્રમાણે પુનઃ મહાસમિતિ તેમજ ટ્રસ્ટ બોર્ડનું ગઠન થયું.

મે ૨૦૧૮માં શ્રી ચીમનભાઇ મોતાએ રાજીનામું આપતા યુવા અને હોંશીલા દીર્ઘ દ્રષ્ટી ધરાવતા અને ભવિષ્યનું પ્લાનિંગ જાણતા વડોદરાના શ્રી નિશિથ આણંદીલાલ દંડ સેક્રેટરી જનરલ નીમાયા, અને અઠવાડીયા માં જ સમસ્ત મહાજનના સ્વતંત્ર કાર્યાલય મે. ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઇ લોડાયા અને મે. ટ્રસ્ટી શ્રી કિર્તીભાઇ ધરમશીના સહાયે ઉદ્‌ઘાટન થયું.

ટ્રસ્ટ બોર્ડની સભામાં જ્ઞાતિજનોની ઉત્કૃષ્ઠ અને ઉત્તમ સેવા થઇ શકે તે માટે વિવિધ સમિતિઓની રચના કરી. જ્ઞાતિનું ચુતર્થ સમ્મેલન નલીયા મહાજનના આમંત્રણે કચ્છ નલીયામાં તા. ૨૩ થી તા. ૨૫ ડીસેમ્બર - ૨૦૧૮ ભરવાની તૈયારીઓ શરૂ થઇ.

ડીસેમ્બર ૨૦૧૮માં ચતુર્થ સમ્મેલન યોજવા કાર્યસૂચિ સૂચવવા અને વિવિધ સેવાઓ માટે સમિતિઓ નિમવામાં આવી છે. જેની સભાઓ આવતે અઠવાડીયે ભરાશે, અને તે બાદ સંમેલનમાં કાર્ય કરવા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવશે અને તે સાથે જુલાઇ થી ભારતભરના મુખ્ય રહેણાંકના મહાજનોના પદાધિકારીઓ અને જ્ઞાતિજનો સાથે સંપર્ક કરવાનું શરૂ થશે.

# વિવિધ સમિતિઓ અને તેમના કાર્ય ઉદ્દેશો



**૧) જિનાલયોના જીર્ણોધ્ધાર તથા નુતનીકરણ :**

ઉપરોક્ત સમિતિ સમગ્ર જ્ઞાતિમાં શ્રી કચ્છી દશા ઓશવાલોની માલકીની અથવા વહીવટ હેઠળના તમામ જિનાલયોના જીર્ણોધ્ધાર માટે દરેક રીતે માર્ગદર્શક થવાના પ્રયાસો કરવા માટે રચવામાં આવી છે. જ્ઞાતિ વહીવટ હેઠળના તે માલકીના જિનાલયોના ટ્રસ્ટીઓ પોત-પોતાના જિનાલયના જીર્ણોધ્ધાર માટે અરજી કરશે. ત્યારે તેમને જિનાલયના નકશા થી માંડીને તેના જીર્ણોધ્ધારને પરિપૂર્ણ કરવા માટે શું શું જરૂરીયાતો લાગશે તેની માહીતી તથા માર્ગદર્શન પુરૂ પાડશે.



**૨) કાયદાકીય સલાહકાર સમિતિ :**

ઉપરોક્ત સમિતિ જ્ઞાતિજનોમાં પ્રર્વતમાન આપસી મતભેદોને ઘરમેળે સુલઝાવવા માટે માર્ગદર્શન કરશે. તથા જો એવા સંજોગો ઉભા થાય તોં તેમને કાયદાકીય તથા વ્યવસાયીક સલાહ અપાવવા માટે માર્ગદર્શન આપશે.



**૩) જ્ઞાતિજનો તથા મહાજનો ના રજીસ્ટ્રેશન કરનાર સમિતિ :**

ઉપરોક્ત સમિતિ આપણા જ્ઞાતિજનોના તેમજ આપણી જ્ઞાતિ સંસ્થાઓ દેરાસર, ટ્રસ્ટો તથા મહાજનોની માલીકીની જમીનો, મિલ્કતો, ગૌચરઆદી સંબંધી તમામ બાબતોમાં તેના પંજીકરણ (રજીસ્ટ્રેશન) કરવા અંગેની કાર્યવાહી કરવા બાબત કાયદાકીય તેમજ સામાજીક સલાહ અને માર્ગદર્શન આપશે.



**૪) વૈધકિય સલાહકાર સમિતિ :**

જ્ઞાતિજનો જીવનમાં અવારનવાર શારિરીક વ્યથા અનુભવે છે. માંદગીમાં સપડાય છે. અત્યારના આર્થિક અક્ષમતાના કાળમાં અસલામતી અનુભવે છે. આવા જ્ઞાતિજનોને સલાહ આપવા એવં તેમની વ્યથાઓનું નિરાકરણ કરવા આ સમિતિની રચના કરવામાં આવી છે. જ્ઞાતિજનોની આ સમસ્યાના ઉકેલ માટે સમિતિ પ્રયત્નશીલ રહેશે.



**૫) સરકારી તેમજ ખાજગી સંસ્થાઓમાં શિક્ષણ સહાયક સમિતિ :**

શિક્ષણ માનવ જીવનના ઘડતરનું મહાન શસ્ત્ર છે. સારું શિક્ષણ મળે તો જીંદગી સરળ અને સંપૂર્ણ બની જાય છે. જ્ઞાતિજનોને શિક્ષણ વ્યવસ્થા તથા માર્ગદર્શન માટે આ સમિતિની રચના કરવામાં આવી છે.


**૬) બંધારણ સરલીકરણ સમિતિ :**

જ્ઞાતિના મહાજનો જ્યારે ઇચ્છે ત્યારે આ સમિતિ તેમને તેમના મહાજન માટે નાનું બંધારણ કરીને મોડેલ બંધારણ તરીકે અપનાવવા માટે પ્રેરીત કરશે અને જો તેમના બંધારણમાં જરૂરી જણાયતો સરલીકરણ કરવા માર્ગદર્શન આપશે.



**૭) વ્યાપાર કોર્ડિનેટર સમિતિ :**

જ્ઞાતિના વિવિધ વ્યાપારીક પ્રવૃત્તિઓના ઉત્થાન અને જ્ઞાતિનું Entertainment Development કરવું અને જ્ઞાતિનાં generate થતા વ્યાપાર આપણા જ્ઞાતિજનોના વ્યાપારને સહાયક / પૂરક મળે તે માટે પ્રયત્નો કરવા.




**૮) યુવા શક્તિ સંગઠન સમિતિ :**

આજનો યુવા વિચાર પ્રવૃત્તિમાં અગ્રેસર છે જમાનાનુસાર થતી પ્રવૃત્તિઓમાં દોરવાઈ જાય છે. આપણા યુવાઓને યોગ્ય માર્ગદર્શન આપીને આપણી જીવનશૈલી અનુસાર સમાજકાર્યમાં વાળવા અને એમની પ્રવૃત્તિઓને આગળ વધારવા આ સમિતિ કાર્ય કરવા નિમાય છે.



**૯) નારી સશક્તિકરણ સમિતિ :**

આપણા ઘરોમાં નારીનું સ્થાન દાદી-બા-પત્ની-દિકરી-વહુ તરીકે, કુટુંબના આધારસ્તંભ સમાન છે. આપણો નારી સમાજ જમાનાનુસાર કેળવણી/સંસ્કાર પામીને સમાજમાં પોતાનું યોગ્ય સ્થાન પામે એવં એ પામવા માટે યોગ્ય કેળવણી /માર્ગદર્શન મળે તે માટે આ સમિતિની રચના કરવામાં આવેલ છે.



**૧૦) પ્રચાર અને પ્રસારણ સમિતિ :**

સમસ્ત મહાજનના જ્ઞાતિ માટે કાર્ય કરવાના ધ્યેય (Vision) ને પ્રીન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડીયામાં યોગ્ય રજુઆત કરવી અને ને જ્ઞાતિભોગ્ય બનાવવાં અને જ્ઞાતિજનો સમક્ષ રજુઆત કરવી.

## સમસ્ત મહાજનનું કાર્ય સુગમતાપૂર્વક થઇ શકે તે માટે નીચે પ્રમાણેની સમિતિઓ અને ટ્રસ્ટીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

**જિનાલયોના જીર્ણોદ્ધાર તથા નુતનીકરણ :** રાજેન્દ્ર ખોના, પ્રવીણ લોડાયા, લેરિન ખોના,
**કાયદાકીય સલાહકાર સમિતિ :** કલ્પેશ મોતા, કીર્તિ ધરમશી,
**જ્ઞાતિજનો તથા મહાજનોના રજીસ્ટ્રેશન કરનાર સમિતિ :** અરવિંદ લોડાયા, કલ્પેશ મોતા, પ્રવીણ લોડાયા,
**વૈદ્યકિય સલાહકાર સમિતિ :** નિલેશ પોલડીયા, ભરત મુલજી મૈશેરી,
**સરકારી તેમજ ખાજગી સંસ્થાઓમાં શિક્ષણ સહાયક સમિતિ :** રાજેશ છેડા, રાજેશ પોલડીયા,
**બંધારણ સરલીકરણ સમિતિ :** લક્ષ્મીચંદ પોલડીયા, રાજેશ ધરમશી,
**વ્યાપાર કોર્ડિનેટર સમિતિ (બી-ટુ-બી) :** રાજેશ મોમાયા, બિપીન નાગડા,
**યુવા શક્તિ સંગઠન સમીતી :** નીશિથ દંડ, ઉત્તમચંદ ખોના, જયંત છેડા, મુલચંદ મોતા, રાજેશ ધરમશી,
**નારી સશક્તિકરણ સમિતિ (વુમન એનપાવર) :** વીણાબેન નાગડા,
**પ્રચાર અને પ્રસારણ સમિતિ :** જયંત છેડા, રાજેન્દ્ર ખોના અને લક્ષ્મીચંદ પોલડીયા

## -: વર્તમાન ટ્રસ્ટીગણ :-

### મેનેજીંગ ટ્રસ્ટી

| | | |
|---|---|---|
| તિલોકચંદ એન. દંડ<br>૦૯૩૭૧૪૬૭૨૩ | પ્રવિણ એચ. લોડાયા<br>૦૯૮૨૦૦૭૬૬૦૫ | કિર્તી ડી. ધરમશી<br>૦૯૮૪૪૦૦૪૪૪૫ |

### સેક્રેટરી જનરલ

નીશિથ એ. દંડ
૦૯૮૭૯૧૧૧૦૯૦

### ટ્રસ્ટી

| | | | |
|---|---|---|---|
| અરવિંદ એલ. લોડાયા<br>૦૯૮૨૫૮૩૪૬૪૯ | બિપીન પી. નાગડા<br>૦૯૩૨૩૬૨૫૦૦૦ | ચેતનકુમાર કે. મોમાયા<br>૦૯૩૨૪૦૫૮૪૧૪ | ચેતન એસ. મુનવર<br>૦૯૪૪૮૦૭૦૧૯૪ |
| ધનપત એલ. મોતા<br>૦૯૮૪૯૦૨૨૬૬૬ | જયંત વી. છેડા<br>૦૯૩૨૨૨૫૭૭૩૧ | કલ્પેશ એમ. મોતા<br>૦૯૮૨૧૨૩૦૮૦૨ | લેરીન વી. ખોના<br>૦૯૮૨૦૧૯૩૩૩૯ |
| લક્ષ્મીચંદ એલ. પોલડીયા<br>૦૯૯૩૦૦૦૮૩૩૯ | માલતીબેન એચ. ધરમશી<br>૦૯૮૮૯૨૮૯૩૪૫ | મુલચંદ પી. મોતા<br>૦૮૦૮૯૧૨૫૨૦૯ | નિલેશ એમ. પોલડીયા<br>૦૯૯૨૫૮૬૩૬૮૦<br>૦૨૮૩૪૨૭૧૩૧૫ |
| પ્રવિણ એમ. મૈશેરી<br>૦૯૪૨૬૨૦૨૨૦૩ | રાજેન્દ્ર એમ. ખોના<br>૦૯૩૨૨૨૫૭૧૯૧ | રાજેશ જી. મોમાયા<br>૦૯૮૮૪૧૪૯૪૯૪ | રાજેશ કે. ધરમશી<br>૦૯૯૨૫૦૩૮૮૯૬ |
| રાજેશ આર. છેડા<br>૦૯૮૨૦૨૨૬૮૭૩ | રાજેશ દામજી પોલડીયા<br>૦૯૮૨૨૫૨૩૨૩૭ | ઉત્તમચંદ કે. ખોના<br>૦૯૮૨૨૫૩૦૩૯૧ | વીણાબેન વી. નાગડા<br>૦૯૮૨૦૪૨૧૭૧૭ |

# આદિનાથ જિનાલય ભાંડુપ મધ્યે ધ્વજા મહોત્સવ સંપન્ન




ભાંડુપ ખાતે આદિનાથ જિનાલયમાં ૭૨મી વર્ષગાંઠ નિમિતે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો જેવા કે ગુરુવાર, તા.૨૧ જુનના રાત્રે અચલગચ્છીય અધિષ્ઠાયીકા દેવી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ અને શુક્રવાર, તા.૨૨ જુનના રોજ અઢાર અભિષેકનો કાર્યક્રમ થયેલ. શનિવાર, તા.૨૩ જુન ૨૦૧૮ના રોજ ૭૨મી વર્ષગાંઠ નિમિતે ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પરંપરાગત રીતે પ.પૂ.ઉદયરત્નસાગર, પ.પૂ.ગુણવલ્લભસાગરજી તેમજ પ.પૂ. સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનું ભવ્ય સામૈયુ કરાયેલ. શાસ્ત્રોક્ત રીતે પ.પૂ.યતિશ્રીમોતીસાગરજી મ.સા. દ્વારા ધ્વજામહોત્સવ નિમિતે વિવિધ પૂજન લાભાર્થી પરિવારોના સહયોગે વિશાળ સમુદાયની હાજરીમાં સંપન્ન થયું હતું. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ મુંબઈ તથા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ટ્રસ્ટી મહોદયો મહાજનશ્રીના અધિકારીઓ, ભૂતપૂર્વ અધિકારીઓ તેમજ કચ્છી વિશા ઓસવાલ અચલગચ્છ જૈન સંઘ ભાંડુપના અધિકારીઓ અને ભાંડુપવાસીઓ તથા મુંબઈના પરાઓમાંથી જ્ઞાતિજનો પધાર્યા હતા. આ પ્રસંગે સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.






# જખૌ તીર્થે ધ્વજા મહોત્સવ સંપન્ન





શનિવાર તા.૨૩-૬-૨૦૧૮ના રોજ જખૌ મુકામે સાજન-મહાજન અને ચર્તુવીધ સંઘના સથવારે ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જૈન પરંપરા પ્રમાણે સર્વ પ્રથમ સવારના પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી, પ.પૂ.સાધ્વીશ્રી ચારુપ્રજ્ઞાશ્રી મ.સા. આદિઠાણા ૪નું સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માંગલિક પઠન કરવામાં આવ્યું હતું અને પછી ગુરુપૂજન અને ૧૭ ભેદી પૂજા બાદ વિવિધ ધજાઓની ઉછામણી કરવામાં આવી હતી. તેનું ઘૃત ૪૨,૦૦૦ મણ થયું હતું. ત્યારબાદ ગામવાસીઓ માટે સ્વામિવાત્સલ્ય સરસ રીતે આયોજન કરાયું હતું. આ પ્રસંગે મહાજનના પ્રમુખ કાંતીભાઈ વિકમશી, સેક્રેટરી જયંતીલાલ મૈશેરી, ખજાનચી ચાંપશીભાઈ હેફા અને ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ જીવાણી તેમજ જખૌ પાંજરાપોળના ટ્રસ્ટી ભરત મૈસેરી અને મુંબઈ મહાજનના પ્રમુખ કલ્પેશભાઈ મોતા હાજર રહ્યાં હતાં.






# જખૌ તીર્થે ધ્વજા મહોત્સવ સંપન્ન





**વિવિધ ઉછામણીના લાભાર્થી**

- મહાવીર સ્વામી પ્રભુજીના ધ્વજાના લાભાર્થી માતુશ્રી મણીબાઈ ડુંગરશી દંડ પરિવાર હસ્તે ચાંપશી ડુંગરશી દંડ.
- સુવિધિનાથ દાદાની ધ્વજાના લાભાર્થી શ્રી દેવશી ડુંગરશી મૈશેરી પરિવાર.
- આદેશ્વર દાદાની ધ્વજા લાભાર્થી માતુશ્રી દિવ્યાબાઈ દામજી તથા માતુશ્રી પુષ્પાભાઈ પદમશી પરિવાર.
- શ્રી જીરાવલા પાર્શ્વનાથદાદાની ધ્વજાના લાભાર્થી શ્રી ભરત મુલજી મૈશેરી પરિવાર.
- શ્રી મુનિસુવૃત સ્વામી દાદાની ધ્વજા તથા ગોદીયાજી પાર્શ્વનાથદાદા તથા ગુરૂજીના પગલાના લાભાર્થી પરિવાર માતુશ્રી કસ્તુરબાઈ કરમશી વીકમશી પરિવાર.
- ગૌતમ સ્વામી દાદાની ધ્વજાના લાભાર્થી શ્રી ચંપક રાયચંદ જીવાણી પરિવાર.
- શાંતીનાથ દાદાની ધ્વજાના લાભાર્થી અ.સૌ. રમીલાબેન રાયચંદ જીવાણી પરિવાર
- ચંદ્રાપ્રભુજી દાદાની ધ્વજાના લાભાર્થી સ્વ. વેલજી જીવરાજ મૈશેરી
- દાદા કલ્યાણ સાગરસૂરીશ્વરજી દાદાની ધ્વજાના લાભાર્થી વાલબાઈ દામજી ધ્રોડ સાંયરાવાળા પરિવાર.
- પરોણા પ્રતિમાજીના લાભાર્થી પરિવાર ધનબાઈ શામજી મોમાયા હ.ગીતાબેન પરિવાર
- શ્રી ચંદ્રેશ્વરી માતાજીના લાભાર્થી પરિવાર શ્રી દેવેન્દ્ર મુલજી શિયાળ પરિવાર જાલનાવાળા
- શ્રી મહાકાળી માતાજીના લાભાર્થી માતુશ્રી સોનબાઈ વિશનજી મૈશેરી પરિવાર
- શ્રી મહાકાળી માતાજીના લાભાર્થી દેવેન્દ્ર મુલજી શિયાળ જાલનાવાળા પરિવાર





# ગૌરત્ન ૨૦૧૮ અને રમેશ જાગીરદાર લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ સમારોહ ભવ્ય રીતે સંપન્ન



हैदराबाद दि. १८-६-२०१८ तेलंगाना गोशाला फेडरेशन एवं प्राणीमित्र रमेश जागीरदार मेमोरियल फाउण्डेशन के संयुक्त तत्वावधान मे रामकोट स्थित श्री जैन सेवा भवन मे गौरत्न २०१८ एवं रमेश जागीरदार लाईफ टाईम अचीवमेन्ट एवार्ड सम्मान समारोह भव्यता के साथ सम्पन्न हुआ।

प्रधान संयोजक रिद्धीश जागीरदार ने बताया कि जीवदया, गौरक्षा, पशु पालन आदि क्षेत्रो मे कई वर्षो से अपनी सेवायें दे रहे अहिंसा रत्न श्री मांगीलाल भंडारी को गौरत्न २०१८ से सम्माननित किया गया । पुरस्कार के रूप मे स्मृति चिन्ह, प्रशस्ति पत्र, शॉल एवं ५० हजार की नगद राशी प्रदान कि गई । वहीं रमेश जागीरदार लाईफ टाईम अचीवमेन्ट एवार्ड तेलंगाना राज्य पशु कल्याण बोर्ड के सदस्य स्वामी स्वयम भगवानदास को प्रदान गया।

सांसद बी.बी. पाटील ने कहा कि जीव रक्षा के क्षेत्र मे अमूल्य योगदान करने वालों को सम्मानित करना समाज के लिए प्रेरणादायी है ।

प्रेमसिंह राठौड ने गौशालाओ के संचालन पर हर्ष प्रकट किया एवं कहा कि जैन समाज, गुजराती, अग्रवाल समाज द्वारा किये जा रहे गौरक्षा के कार्य सराहनीय है और इसे आगे ले जाने की आवश्यकात है ।

स्वामी स्वयम भगवानदास ने विचार रखते हुए कहा कि जीवरक्षा एक एसा कार्य है, जिसके लिए लोगो को प्रोत्साहित करना आवश्यक है । इसके लिए युवा-वर्ग को आगे आना चाहिए । स्वामीजी वित्तमंत्री को हाल के बजट मे तेलंगाना पशु कल्याण बोर्ड को ५० लाख राशी मंजुर करने के प्रती उनका आभार व्यक्त किया और आगामी बजट तक इस राशी को २ करोड रूपये करने का निवेदन किया ।

जसराज श्रीश्रीमाल ने स्वामी स्वयम भगवानदास का परिचय देते हुए कहा कि वह पिछले ३ दशक से भी ज्यादा समय से जीवदया एवं पशुरक्षा के क्षेत्र मे कार्य कर रहे है । स्वामी भगवानदास भारतीय जीव जंतु कल्याण बोर्ड (भारत सरकार) के पूर्व पि.आर.ओ., भारतीय जीव जंतु कल्याण बोर्ड (भारत सरकार) के को-ओपट सदस्य के रूप मे ३ टर्म, तेलंगाना राज्य पशु कल्याण बोर्ड के सदस्य, आंध्रप्रदेश पशु कल्याण बोर्ड के सदस्य, ब्लु क्रोस आफ हैदराबाद, जीवरक्षा एनीमल वेलफेर सोसायटी राजमंड्री, विशाखा सोसायटी फोर प्रोटेक्शन एन्ड केर फोर एनीमलस (विशाखापट्टनम) आदि विभिन्न जीवदया संस्थाओ मे परामर्श दाता के रूप मे सेवाये दे रहे है ।

SHUBH
DIAMONDS

RAJENDRA MOMAYA
rmomaya@shubhdiamonds.com
+91 9884149494

GJF
LIFE MEMBER

2, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com

Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.

Larin Khona
(Sujapar)

anmol
COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS

/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com

# શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘની ગુજરાતના મુખ્યમંત્રીને અરજી

જૈન સમાજના તમામ ફિરકાના પત્રકારોનું પ્રતિનિધિત્વ ધરાવતી અમારી સંસ્થાની કારોબારી સમિતીએ ઠરાવેલ મુજબ નીચે જણાવેલ અરજી આપશ્રીના ધ્યાનમાં લાવવા તથા તેની પર અસરકાર અમલબજવણી કરવા માટે મોકલેલ છે.

જૈન શાશ્વત તીર્થ શ્રી શેત્રુંજયની જાત્રાઓ જાનારા જાત્રાળુઓનું સમસ્યા દિનપ્રતિદિન ગંભીર બનતી જાય છે. અજલ્પસંખ્યકનો સરકારી દરજ્જો ધરાવનારા. અસામાજીક તત્વોની કનડગત વધી છે. પ્રેમ અને અહિંસામાં માનતા જૈન યાત્રાળુઓ ઉચ્ચસમ ભાવ સાથે જાત્રા કરવા આવતા હોવાથી પોલીસ ફરિયાદ કે ટંટા-ફરિયાદથી દૂર રહે છે. છતાંય, સ્થ ાનિક જૈનેતર પ્રજા જેમાં ડોળીવાળા, રીક્ષા- ઘોડાગાડીવાળા, ફેરીવાળા કે ગેરકાયદે લારી ગલ્લા ધરાવનારોઓ મુખ્ય છે. તેઓ યાત્રાળુઓને રંજાડવામાં કોઈ કસર નથી છોડતા. પાલીતાણામાં અસામાજીક તત્વોએ માઝા મૂકી છે.

આ ઉપરાંત જૈનોના પવિત્ર ધામ પાલીતાણામાં હિંસાનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે. મુખ્ય રસ્તાઓ પર માંસાહારી વાનગીઓ તથા કંદમૂળ પીરસતી રેંકડી-સ્ટોલો હવે ઉપદ્વી બન્યા છે અમારી માંગ છે કે પાલીતાણાને પવિત્ર યાત્રાધામને દરજ્જો આપ્યા બાદ યાત્રાધામમાંથી હિંસાચાર દૂર થવો જોઈએ.

આપશ્રી જૈન સમાજની અહિંસા પ્રેમ અને દયાની લાગણીથી વાકેફ છો. પાલીતાણા જેવા વિશ્વપ્રસિદ્ધ શાશ્વત તીર્થની પવિત્રતાની રક્ષા અર્થે જૈન આચાર્યો અને સાધુ સમાજે પણ આક્રોશ વ્યકત કર્યો છે.

આપશ્રી રાજ્ય સરકાર વતી જૈન સમાજની ભાવનાઓની કદરરૂપે પાલીતાણા તીર્થની પવિત્રતા જાળવવા તેને અહિંસા નગરી બનાવવાની દિશામાં નક્કર પગલાં લેશો તેવી આશા રાખીએ છીએ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account :Saving
Account Number : 002001005497
Name of the Bank :Shri Arihant Co-op. Bank Ltd.
Branch :Mulund (West), Mumbai - 400 080.
Name Account :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code :ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પંચતીર્થીમાં સૌથી ઊંચું કોઠારા ગામનું જિનાલય



વેપાર ક્ષેત્રે નામના અને સફળતા મેળવનાર જૈન જ્ઞાતિના મુકુટ મણિ સમાન શ્રેષ્ઠીઓ શેઠ વેલજી માલુ, શેઠ શિવજી નેણશી તથા શેઠ કેશવજી નાયકે કોઠારામાં જિનપ્રસાદનું નિર્માણ કર્યું હતું. કોઠારા રાજવી જાડેજા મોકાજીનું મન સંતોષીને નકશો મંજૂર કરાયો હતા. શેઠ શિવજી નેણશી જાતે દેખરેખ રાખવા મુંબઈથી કચ્છ કોઠારા ગામે આવીને રહ્યાં હતા. સાભરાઈના સલાટ નથુ રાઘવજીએ દેરાસરની રચના સારામાં સારા કુશળ કારીગરો રોકીને કરી હતી. ત્રણેય શ્રેષ્ઠી વર્યોએ ૧૬ લાખ કોરીનો ખર્ચ કર્યો હતો.

સંવત ૧૯૧૪-૧૫માં જિનાલયનું કામ ૪૦૦ કારીગરો રોકી શરૂ કરાયું. જે ૪ વર્ષમાં પુરું થયું હતું. જિનાલયના પાયામાં એકાવન ગાડા નાંણું નાખીને જિનાલયની બાંધણીને મજબૂત કરવામાં આવી હતી. તા.૧૨ ફેબ્રુઆરી ૧૯૬૨ના રોજે જિનાલયની પ્રતિષ્ઠા અચલગચ્છાધિપતિ રત્નસાગરસૂરીશ્વરજી મ.સા. તથા અનેક ક્ષમણ-શ્રમણીવૃંદ ઉપસ્થિત રહ્યાં હતાં. જિનાલયના નિર્માણ પહેલા બાજુમાં એક નાનું સુંદર દેરાસર છે જે ૪૫૦ વર્ષ પહેલાં બંધાયેલું છે. જેમાં શાંતિનાથજી પ્રભુ બિરાજમાન છે. આ મૂર્તિ સંપત્તિ રાજાના વખતની ૧૨૦૦ વર્ષ જૂની છે. આ જિનાલયને જૂના શાંતિનાથ જિનાલય તરીકે ઓળખાવામાં આવે છે.

કોઠારા ગામના મધ્ય ભાગમાં જાણે એક મોટો પહાડ ઊભો હોય એવી ઊંચાઈ ધરાવતા આ જૈન દેરાસરની વિશાળતા અજોડ છે. વિશાળ જિનાલય સાત ગંભારાવાળું છે દેરાસરની ઉપર ધર્મનાથ પ્રભુજીનો રંગમંડપ અંહીનું મુખ્ય આકર્ષણ છે.

મુખ્ય ગંભારામાં સાડાત્રણ ફૂટ ઊંચા આસન પર સુવર્ણ મુકુટધારી મૂળનાયક શાંતિનાથજી પ્રભૂજી બેઠેલા છે. નીચે ભોંયરામાં કુંથુનાથ પ્રભુજી બિરાજે છે. જ્યારે રંગ મંડપમાં ધર્મનાથ પ્રભુજીની મોટી પ્રતિમા છે.

અબડાસા જૈન પંચતિર્થીમાં ઊંચાઈમાં સૌથી ઊંચું અને કચ્છના જિનાલયોમાં પણ ઊંચાઈમાં સૌથી ઊંચું કોઠારાનું જૈન દેરાસર છે. ૭૮ ફૂટ લાંબુ, ૬૪ ફૂટ પહોળું અને ૭૩.૫ ફૂટ ઊંચું છે. તેની વિશાળતા કલા કારીગરી તથઆ શિલ્પ કામ બેનમૂન છે. કલા કારીગરીથી ભરચક એવા આ મનોહર દેરાસરનું એક મુખ્ય આકર્ષણ એટલે જગવિખ્યાત આબુ દેલવાડાના દેરાણી-જેઠાણીના ગોખલાની આબેહૂબ નકલ મુખ્ય પ્રવેશદ્વારની બંન્ને બાજુએ શોભાયમાન કરી. દર્શનાર્થીઓનું અભિવાદન કરતી ઈન્દ્રની અપ્સરાઓ મંડિત કમાનોનું સૌંદર્ય અર્વણનીય છે. જેનો ખ્યાલ ફક્ત પ્રત્યક્ષ જોવાથી જ આવી શકે. નેમ-રાજુલાના લગ્ન મંડપની ચોરીનું નિરૂપણ, મુખ્ય જિનાલયની પ્રદક્ષિણા કરતી વેળાએ યક્ષિકાઓ અને શિલ્પ કલા સુશોભનોથી ભરપૂર દીવાલોને જોતા નજર જ થંભી જાય છે. ૨૦૦ કિલો વજન ધરાવતો વિશાળઘંટ અંહી જોવા મળે છે.

ધર્મશાળા, મહાજનવાડી, આંયબિલ વાડી, જૈન હોલ, અતિથિ ગૃહ ઉપાશ્રય, કાયમી ભોજનશાળા તથા રહેવા ઊતરવા જમવાની સુંદર સવલતો યાત્રાળુઓને અત્રે કાયમ ઉપલબ્ધ છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9833406124, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# जुना दो नया लो

## Exchange Offer off upto 20%

* conditions apply




**Only on This Brands**

Jean Fendi SWISS QUARTZ

RAYMOND RENEE

ESPRIT

pierre cardin

## The TITAN Gallery

Sainath Plaza, Nehru Road, Mulund (W), Tel.: 2592 4869

# રાપર ગઢવારી મુકામે ૧૨૭મી ધ્વજા મહોત્સવ સંપન્ન




મુનિ ભગવંત પ.પૂ.મુક્તિ રત્નશ્રીજી મ.સા. તથા સાધ્વીશ્રી પ.પૂ.અનંતયશાશ્રીજી મ.સાહેબ આદિ થાણાની નિશ્રામાં રાપરગઢવારી મુકામે બે દિવસના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨૭મી વર્ષગાંઠ ઉત્સવની લાભાર્થી પરિવાર માતુશ્રી માનબાઈ મૂળજી આસમલ મોતા પરિવાર હસ્તે વિજયાબાઈ ઠાકરશી મોતાએ લીભ લીધો હતો.




## શ્રી ક.દ.ઓ મંડળ -ડોંબિવલીનું દ્વારા વડીલોનો મેળાવડો

શ્રી ક.દ.ઓ મંડળ-ડોંબિવલી દ્વારા રવિવાર તા. ૨૯-૦૪-૨૦૧૮ બપોરના ૪.૦૦ કલાકે શ્રી લોહાણા મહાજનવાડી-ડોંબિવલી (પૂર્વ) એ.સી. હોલમાં વડીલોના મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી નવકારમંત્રનું પઠન, વડીલોનું સ્વયં પરિચય ઓળખાણ વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ ભાઈ-બહેનો વચ્ચે અંતાક્ષરીની રમઝટ જમાવવામાં આવી હતી. અવનવા સ્તવનો, ભજનો, ગુજરાતી ગીતો, લગ્ન ગીતો તથા ફિલ્મી ગીતોની રજૂઆત કરવામાં આવી હતી.

એ.સી. હોલની વ્યવસ્થા મંડળ તરફથી કરવામાં આવી હતી. તેમજ ચા-પાણી નાસ્તાના દાતાશ્રી રાયચંદ દેવશી જીવાણી જખૌ હતા. દાતાશ્રીનું બહુમાન મંડળના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા) પુષ્પગુછ આપીને કર્યુ હતુ.

વડીલોના મેળાવડાના કન્વીનર શ્રી મુકેશ હિરાચંદ શિયાડ(જખૌ) તેમણે શ્રી ગીરીશ માણેકજી નાગડા (નલીયા) હતા. મંડળના દરેક સભ્યોનો સાથે સાથ સહકાર મળ્યો હતો. સપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મંડળના માનદમંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર)એ કર્યુ હતુ. સર્વે વડીલોને નવા કાર્યક્રમમાં મળવાના વચન સાથે સાંજના સાત વાગે શ્રી મહાકાલી માતાજીની જય બોલાવીને કાર્યક્રમની પૂર્ણા હુતી કરવામાં આવી.

# શ્રી ક.દ.ઓ, મંડળ -ડોંબિવલીનું ૪૨મું શૈક્ષણીક સમારોહ




શ્રી ક.દ.ઓ મંડળ-ડોંબીવલી દ્વારા રવિવાર તા. ૧૦-૦૬-૨૦૧૮ સવારના ૧૦.૦૦ કલાકે રોટરી એ.સી. હોલ ડોંબિવલીમાં ૪૨મા શેક્ષણિક કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી સરસ્વતી માતાજી તેમજ શ્રી મહાકાલી માતાજીના ફોટો સમક્ષ દીપ, અગરબત્તી પ્રાગટ્ય કરીને તસ્વીરને હારારોપણ કરાયું નોટબુક/લોંગબુક મુખપુષ્ઠ મોટો ત્રણ વર્ષના દાતા માતુશ્રી જયાબેન મોતીલાલ દેવશી લોડાયા(મોટી-ઘાટકોપર) પરિવારના મયુરભાઈ વિદ્યાર્થીઓ માટે સ્કૂલબેગ શૈક્ષણીક ઉપકરણના દાતા માતુશ્રી વિજયાબાઈ માણેકજી લખમશી (ગોએસમા-ડોમ્બીવલી)પરિવારના સચીનભાઈ, શાળા ગણવેશના દાતા, કુમારપાળ કાનજી મોમાયા(વરાડીયા-ડોમ્બીવલી)ના કપીશભાઈ, નિરંજન કેશવજી મોમાયા (વરાડીય-મસ્જીદબંદર) વતી મુકેશ હીરાચંદશિવપાલ(જખૌ-ડોમ્બીવલી), કાયમી શૈક્ષણીક કૂપન લક્કી ડ્રો વિજેતા કુ.વિદીશા કાંતિલાલ દંડ(ભરૂડીયા-ડોમ્બીવલી), મંડળના પ્રમુખ હેમંત રમેશ ધુલ્લા (તેરા), ઉપપ્રમુખ ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાધા(ગોઅરમા)માનદમંત્રી મહેન્દ્ર મેઘજી મોતા(વારાપધ્ધર), શૈક્ષણીક સમિતીના ચેરમેન સંજય મણીલાલ નાગડા (રાપર) તેમજ કલ્પેશ ખુશાલ ધરમશી(કોઠારા)એ કર્યુ હતું.

શ્રી નવકાર મંત્રનું પઠન શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપુર), શ્રીમતી ભાવના ભરત મોમાયા (નલીયા), કુ. ક્રિયા કૃપા સંજય નાગડા(રાપર), કુ. બીના નીલેશ મૈશેરી(વારાપધ્ધર) બાળકો, વડીલો આમંત્રીત મહેમાનોની સાથે જ્ઞાતીજનોએ કર્યુ હતુ. મંડળના માનદ મંત્રી મહેન્દ્ર મોતાએ પધારેલા સર્વેનું હાર્દિક સ્વાગત કરીને કાર્યક્રમ તેમજ મંડળ વિષે માહીતી આપી હતી. મંડળ આપણું પોતાનું જ છે ને દરેક યોજના નો જરૂરત મુજબ લાભ લેવો જોઈએ મંડના પ્રમુખશ્રી હેમંત ધુલ્લાએ જ્ઞાતિજનોને આવકાર આપીને પોતાના વિચારો રજુ કર્યા હતા.

દાતા પરિવાર દ્વારા નોટબુક/લોંગબુક, ગણવેશ, દફતરને શૈક્ષણીક ઉપકરણનું વિમોચન કરીને વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. દાતા પરિવારોનું પુષ્પગુચ્છ અને શાલથી તેમજ ગુજરાતી/ અંગ્રેજી માધ્યમમાં પહેલાને બીજા ક્રમાંકે આવેસ વિદ્યાર્થીઓને આ ટ્રોફી આપી. મંડળના સભ્યોને વિવિધ જ્ઞાતીજનો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું, દાતાશ્રીઓએ શિક્ષણ ઉપર પોતાના અંતરના વિચારી રજુ કર્યા હતા. C.E.O.મયુરભાઈએ દેશવિદેશ માટે શિક્ષણની ઘણીજ સુવિધાઓ ઊપલબ્ધ છે. જેનો જરૂરથી લાભ લેવોજ જોઈએ સચીનભાઈને કપીશભાઈ મંડળને દરેક રીતે છેલ્લે સુધી સાથ-સહકાર કરશું એમ ભાર પૂર્વક કહ્યું હતું.

શૈક્ષણીક ઈનામના દાતા બીપીમભાઈ નાગડા પરદેશમાં હોવાથી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ શિક્ષણના સહયોગી દાતા માણેકભાઈ ભેદાએ મંડળને અંતકરણ પૂર્વક શુભકામનાઓ આપી હતી.

શૈક્ષલીર સમારોહના સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મંડળના માનદમંત્રી મહન્દ્ર મેઘજી મોતા (વારાપદ્ધર)એ કર્યુ હતું. સંચાલન દરમ્યાન શિક્ષણ માટે આપણી પોતાની અત્યાધુનીક શિક્ષણ સંસ્થા વીરજી લધાભાઈ વિદ્યાથીગૃહનું ભણતર અને ગણતરે માટે જરૂરથી વિશેષ લાભ લેવો જોઈએ વડીલોએ પોતાની મેડીકલ સંસ્થા શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ-મુંબઈ મેડીકલેઈમ પોલીશીની સેવા નજીવા દરે આપે છે આનુંપણ જ્ઞાતિજનોએ જરૂરથી લાભ લેવોજ જોઈએ.

વરસાદની આગાહીને રવિવારનો દિવસ હોવા છતા બાળકો, વડીલો, દાતાશ્રી આમંત્રીત મહેમાનો, જ્ઞાતીજનોને મંડળના સભ્યો મળીને બહોળી સંખ્યામાં હાજરી હતી. કાર્યક્રમની  શરૂઆતમાં ખટમીઠી પીપરમેન્ટને ચોકલેટ તેમજ કાર્યક્રમની પુર્ણાહુતીએ મીઠી મધૂરી ઠંડી સ્વીટ લસ્સી દરેકને આપવામાં આવી હતી. બાળકોએ નોટબુક, લોંગબુક, દફતર, ગણવેશ અને ઉપકરણ લઈને સુખદ યાદો સાથે ઘર તરફ શુભપ્રસ્થાન કર્યુ હતુ.

કાર્યક્રમની આભાર વિધિ મંડળના ઉપપ્રમુખ ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ (ગોએરસમા) એ કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન મંડળના દરેક સભ્યો સુંદર સહયોગ રહ્યો હતો. તેમજ વિનીત ધરમશી (કોઠારા) વિનીત હિરાચંદ લોડાયા (વારાપધ્ધર), કુ. ક્રેયા સંજય નાગડા (રાપર) ને કુ. બીના  નીલેશ મૈશરી વારાપધ્ધરનો વિશેષ સહયોગ રહ્યો હતો.  શૈક્ષણિક સમિતીના ચેરમેન સંજય મણીલાલ નાગડા (રાપર)ને કલ્પેશ ખુશાલ ધરમશી (કોઠારા)એ દરેક રીતે  ખૂબજ સુંદરને સરસ વ્યવસ્થા કરી હતી.

# હૈદ્રાબાદ-કચ્છ વચ્ચે સીધી રેલસેવા આપવા રેલ્વેમંત્રી પાસે રજૂઆત કરાઈ



દક્ષિણ ભારતના હૈદરાબાદ તથા આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં કચ્છીઓ સ્થાઈ થયા હોવાથી ભુજથી હૈદ્રાબાદ સુધીની સીધી રેલસેવા આપવા ભારત સરકારના રેલવેમંત્રી પીયૂષ ગોયલ સમક્ષ રજૂઆત કરાઈ હતી.

હૈદ્રાબાદના પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ દ્વારા સિંકરાબાદ ખાતે આવેલા રેલમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સંસ્થાના સંસ્થાપક અને કચ્છી મિત્ર મંડળના સભ્ય રિદ્રીશ જાગીરદારે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે હૈદ્રાબાદ કચ્છ વચ્ચે સીધી રેલસેવા નહીં હોવાનો  કારણે કચ્છી પ્રવાસીઓ પરેશાન થાય છે.

તેમની સાથે રામજીભાઈ પટેલે જણાવ્યું હતું કે અમારા વતનમાં અવર જવર કરવા રેલવે સુવિધા આવશ્યક છે, જે નહીં હોવાથી મુશ્કેલી વેઠીને આવ-જા કરવી પડે છે. તેમણે તેમની સાથે આવેલા પૂર્વ રેલમંત્રી બંગારુ દત્તાત્રય સમક્ષ પણ રજૂઆત કરી હતી.

## શ્રી સુવિધિનાથ દરબારે ડોંબિવલી (પૂર્વ)માં ગુરૂ સત્સંગે ચાતુર્માસની આરાધના

ડોંબિવલી (પૂર્વ) શ્રી સંઘના પરમ પુણ્યોદયે અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની નિરંજન પુણ્ય પરિવારના આદિઠાણા-૫નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. પ.પૂ.તપોગુણાશ્રીજી મ.સા., પ.પૂ.જ્ઞાનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.નવકાર ગુણાશ્રીજી મ.સા., પ.પૂ.ઋષભ ગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.ચંદ્રગુણાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૯ તા.૬ જુલાઈ ૨૦૧૮ શુક્રવારના રોજે શ્રી સંઘના આંગણે પધારશે. સાધ્વીશ્રીજીઓના સાંનિધ્યમાં અલબેલા ચાર મહિના રત્નત્રયીની આરાધનામાં સૌને જોડાવાનું છે.

## શ્રી ક.દ.ઓ મંડળ -ડોંબિવલીનું દ્વારા ચલચિત્રનું સ્ક્રીનીંગ

શ્રી ક.દ.ઓ મંડળ-ડોમ્બીવલી દ્વારા મંગળવાર તા. ૧૫-૦૫-૨૦૧૮ ના રાતના ૧૦.૦૦ કલાકે મધુબન થીયેટરમાં મંડળના પરિસરમાં વસત જ્ઞાતિજનો માટે ૧૦૨ નોટ આઉટ ચલચિત્રના શો નું આયોજન કરવામાં આવ્યું હતું. ચલચિત્ર શરૂ કરતા પહેલા અમે ક.દ.ઓ. નું ગીત સંભળવવામાં આવ્યું હતું. આ પિક્ચરમાં ત્રણ પેઢીનું ચિત્રણ છે. બાળક મોટુ થઈ ભણીગણી વેલસેટ થઈ પરદેશ જાય અને માત-પિતા ઘરે અથવા વૃદ્ધાશ્રમમાં એકલા રહે તો શુ થાય? એનું સુંદર અને સરસ મેસેજ આપતું ચલચિત્ર છે.

મધુબન થીયેટરમાં સ્ટોલ અને બાલ્કની મળીને અંદાજીત-૪૯૦ પ્રેક્ષકોની ક્ષમતા છે. સ્ટોલના રૂા. ૧૧૮/- અને બાલ્કનીના રૂા. ૧૪૦/- ટિકીટના દર છે. પણ મંડળે ખાસ કન્સેસન ભાવથી સ્ટોલના રૂા. ૬૦/- તેમજ બાલ્કની રૂા. ૮૦/-ના દરે જ્ઞાતિજનો માટે વિશેષ આયોજન  કરવામાં આવ્યું હતું. શો હાઉસફૂલ રહ્યું હતું.

મહિલા મંગલમંચના સભ્યો, મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓને કાર્યકર્તાઓ, દાતા પરિવારો અને શ્રેષ્ઠીવર્યો માટે નિઃશુલ્ક વી.આઈ.પી. પાસ આપવામાં આવ્યા હતા. દરેક જ્ઞાતિજનોએ આ ચલચિત્ર એકવાર ખાસ જોવા જેવું ને જીવનમાં ઊતારવા જેવું છે. આ  કાર્યક્રમાં મંડળના સર્વે કાર્યકરોનો સારો સાથ સહકાર રહ્યો હતો.

રાત્રે સવાબાર કલાકે પિક્ચર પૂર્ણ થતા મધૂર યાદો સાથે સર્વે જ્ઞાતિજનોએ પોતપોતાના ઘર તરફ ને નવા કાર્યક્રમમાં મળવાના વચન સાથે શુભ પ્રસ્થાન કર્યુ હતું.

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ ખાતે ૪થા આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી





શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ શ્રી ભવાનજી અરજણ ખીમજી એજયુકેશનલ કેમ્પસ ''વિદ્યાર્થીગૃહ ખાતે ૪થા આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી'' પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની અપીલને માન આપી સંયુકત રાષ્ટ્રે તારીખે ૨૧ મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેરાત કરી અને યોગાનુ યોગ શોર્ય પંચાંગ અનુસાર તારીખ ૨૧ મી જૂન ૨૦૧૮ સૌથી લાંબો દિવસ તરીકે માનવામાં આવેલ છે, એ દિવસે સવારના ૭ :૩૦ વાગે વી.એલ.વી.જી-વિદ્યાર્થીગૃહ ખાતે યોગા શિબિરનું આયોજન કરવામાં આવેલ. છેલ્લા ૨૨ વર્ષથી યોગાભ્યાસ કરીને સમાજને યોગવિદ્યાનું જ્ઞાન આપનાર શ્રી કચ્છી વિશા ઓશવાળ સમાજનાં ઘાટકોપરમાં અગ્રણી યોગગુરુ શ્રી ભરતભાઇ નીસરના નેતૃત્વ હેઠળ શ્રી કાંતિ ધુલ્લાની ટીમે હાજર લગભગ ૧૪૦ જેટલા જ્ઞાનીજનોને અને વિદ્યાર્થીઓ યોગના વિવિધ આસનોનુ પ્રાત્યાક્ષીક કરી બતાવેલ.






યોગ કરવાથી શરીરના કયા અવયવ ઉપર તેની અસર થાય અને એ અવયવની બીમારીઓ દુર થઈ સંપૂર્ણ શરીર કેવી રીતે નિરોગી થઈ શકે એની સાદી સમજ અને અત્યંત ઉપયોગી એવી યોગા વિશેની માહિતી શ્રી ભરતભાઇ નીસર પોતાના પ્રાત્યાક્ષીક દરમયાન હાજર અભ્યાસીઓને આપી હતી. સંસ્થાના વ્યવસ્થાપક સમિતિનાં પ્રમુખ શ્રી મધુકાંતભાઈ ખોના, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન શાહ, માનદ મંત્રી શ્રી નરેશ ભાઈ મોમાયા, સહમાનદ મંત્રી શ્રીમતી કાશ્મીરાબેન લુઠિઆ,અને કાર્યકારી સમિતિના સદસ્ય શ્રી અનુજભાઈ લોડાયા, શ્રીમતી ધનલક્ષ્મીબેન મોમાયા ઉપસ્થિતી રહી દિપ પ્રગટાવી, નવકારમંત્રનું સ્મરણ કરી કાર્યક્રમની શરુઆત કરેલ.





કાર્યક્રમનું સૂત્રસંચાલન સંસ્થાના વિદ્યાર્થી ભુમિત લોડાયા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ સફળ કરવા માટે શ્રી સંસ્થાના કાર્યકારી સદસ્ય શ્રી અનુજભાઈ લોડાયા, ગૃહપતિ શ્રી દિલીપભાઈ રાઠોડ, શ્રી સનતભાઇ ખોના, સાથે વિદ્યાર્થીઓ શ્રી દર્પણ મોતા, શ્રી ઉજ્વળ લોડાયા, શ્રી ગૌતમ યુ લોડાયા અને બીજા કાર્યકર્તાઓ શ્રી વંદન ધરમશી, શ્રી ગૌતમશ લોડાયા, શ્રી મોહિત લાપસીઆ, શ્રી ગુલશન ડાઘા, શ્રી રાહુલ દંડ, શ્રી પૂર્વેશ લોડાયા, શ્રી ચેતન લોડાયા, શ્રી માનવ સોની, શ્રી દર્શન જીવાની, શ્રી મિહિર જીવાણી, શ્રી શ્રુત દંડ સારી મહેનત કરી હતી. શ્રી ભરતભાઈ નીસર તેમજ એમના સહયોગીઓનું પૂષ્પગુચ્છ આપી બહુમાન કરેલ.





સન્માનનું પ્રત્યુત્તર આપતી વેળાએ શ્રી ભરતભાઇએ પોતાની સેવાઓ વિદ્યાર્થીગૃહને આપવાની ઇચ્છા દર્શાવી ભવિષ્યમાં અઠવાડિયામાં ૨- ૩ દિવસ યોગભ્યાસ કરવામાં આવે તો વિદ્યાર્થીઓનુ શારીરિક અને માનસિક ઘડતર ખૂબ જ સુંદર અને સમાજપયોગી થશે એવી ભાવના વ્યકત કરી. આભારવિધિ દરમ્યાન માનદમંત્રી શ્રી નરેશભાઇ મોમાયાએ શ્રી ભરતભાઈ નીસર તથા સર્વે ઉપસ્થિતઓનો આભાર માની સર્વે માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે એવી જાહેરાત કરેલ. શ્રી ભરતભાઈ નીસરની ભાવનાને માન આપીને શ્રી નરેશભાઇ મોમાયાએ વિદ્યાર્થીઓ માટે ચાલુ વર્ષથી વહેલી તકે યોગાભયાસ શુરુ કરવાની જાહેરાત કરી.





# શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ
# શ્રી કે.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રચારક સમિતિ ટ્રસ્ટ
# શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ
# શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ કે.ડી.ઓ. કન્યા છાત્રાલય



દિર્ઘદ્રષ્ટિ ધરાવનાર આપણા વડીલોએ આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણની શ્રેષ્ઠ સુવિધાઓ આપી છે.

**શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**નો ઇ.સ. ૧૯૦૩માં પ્રારંભ થયો હતો. અત્યારે એ ઘાટકોપર (વેસ્ટ)માં નવનિર્મિત તથા આધુનિક સુવિધા યુક્ત બિલ્ડીંગમાં સ્થિત છે. જ્યાં કુલ ૧૪૬ જેટલા વિદ્યાર્થીઓ રહી શકે છે. અહીં ધોરણ - ૧૨ સુધી અભ્યાસ કરી રહેલા કે.ડી.ઓ. વિદ્યાર્થીઓ માટે કોઇ જ શુલ્ક લેવામાં આવતી નથી. ધોરણ - ૧૦ સુધીના વિદ્યાર્થીઓને શાળાની ફી, બુક્સ તથા યુનિફોર્મ પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. ધોરણ -૧૨ સુધીના વિદ્યાર્થીઓની કોચિંગ ક્લાસની ફી પણ વિદ્યાર્થીગૃહ દ્વારા ભરવામાં આવે છે.

ધોરણ - ૧૨થી ઉપરના વિદ્યાર્થીઓને રહેઠાણ તથા ભોજન સાથે કુલ પ્રતિ મહિના રૂા. ૨,૫૦૦/- લેવામાં આવે છે. કે.ડી.ઓ. સિવાયના ધોરણ - ૧૨થી ઉપરના વિદ્યાર્થીઓ માટે પ્રતિ મહિના રૂા. ૧૦,૦૦૦/- લેવામાં આવે છે. વિદ્યાર્થીઓ નવી આધુનિક સુવિધા યુક્ત ઇમારતમાં જિમ્નેશિયમ, રીડીંગ રૂમ, મેડીકલ રૂમ, કોમ્પ્યુટર રૂમ, ટ્યુશન રૂમ સાથે સફાઇ યુક્ત રસોડું તથા ભોજનખંડની સુવિધા છે, જેમાં વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર આપવામાં આવે છે.

શ્રી કમલેશ શીવજીભાઇ વિકમશી - **C.A.** વિદ્યાર્થીગૃહના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે.

**શ્રી કે.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રચારક સમિતિ ટ્રસ્ટ**નો પ્રારંભ ૧૯૪૭માં થયો હતો. જેમાં ધોરણ -૧૧ થી ઉપરના જરૂરતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની કોલેજ ફી તથા હોસ્ટેલ ચાર્જ ચૂકવવા માટે વિના વ્યાજની લોન આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. માન્યતા પ્રાપ્ત યુનિવર્સીટી માંથી ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની વ્યવસ્થા હતી. જે આજે પણ ચાલુ છે. અને એક વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- સુધીની લોન આજે પણ મળી શકે છે.

વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ, શ્રી વીરજી લધાભાઇ ટ્રસ્ટ, શ્રી અનંતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટના સહયોગથી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૮૬ લાખની કુલ રકમ લોન તરીકે અપાયેલી છે. તે ઉપરાંત કોચિંગ ક્લાસ માટે પણ અન્ય ટ્રસ્ટો દ્વારા લોન અપાય છે. આ લોન ભારતભરમાં

ક્યાંય પણ વસતા કે.ડી.ઓ. વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. આ લોન પરત કરવાની પ્રક્રિયા વિદ્યાર્થી તથા તેના પરિવાર માટે ખૂબજ સરળ તથા ભાર રહિત બનાવવામાં આવેલી છે. આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે શ્રી કિરીટભાઇ લાપસીયા તથા માનદ્‌મંત્રી તરીકે **C.A.** શ્રી હીરાચંદ દામજી દંડ સેવા આપી રહ્યા છે.

**શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ**ની સ્થાપના ૧૯૧૪માં કે.જી. થી ધોરણ - ૧૦ના વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ દ્વારા ભારતના કોઇપણ જગ્યાએ રહેતા કે.ડી.ઓ. વિદ્યાર્થીઓ આ સહાયનો લાભ લઇ શકે છે.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ ૩૬૨ વિદ્યાર્થીઓને આ સહાય અંતર્ગત રૂપિયા ૪૮ લાખથી વધુ રકમ આપવામાં આવી છે. આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે **C.A.** શ્રી હીરાચંદ દામજી દંડ તથા માનદ્‌મંત્રી તરીકે શ્રી હેમાંગ રાયચંદ ધરમશી સેવા આપી રહ્યા છે.

**શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ કે.ડી.ઓ. કન્યા છાત્રાલય**ની સ્થાપના વર્ષ ૧૯૫૯માં શ્રીમતી માનબાઇ રાયચંદ મોમાયા (સાંયરા), શ્રીમતી માનબાઇ પદમશી લોડાયા (સાંયરા), શ્રી દેવકાબેન જવેરચંદ લોડાયા (સાંયરા), જમકુબેન અરજણ ખીમજી (તેરા) તથા શ્રીમતી ભારતીબેન હંસ ખીમજી દ્વારા કે.ડી.ઓ. જ્ઞાતિની દિકરીઓને શિક્ષણ આપવા માટે થઇ હતી.

હાલમાં ગરોડીયા નગર ઘાટકોપર (ઇસ્ટ) ખાતે સ્થિત આ કન્યા છાત્રાલયમાં ૫૬ જેટલી કન્યાઓ શિક્ષણ લઇ શકે એવી સુવિધા છે. તાજેતરમાં શ્રીમતી હીના કલ્પરાજ ધરમશી દ્વારા રૂા. ૫૫ લાખથી વધુના ખર્ચે આ ઇમારતનું સમારકામ તથા સુશોભન કરવામાં આવ્યું છે.

કન્યા છાત્રાલયમાં શાળા અને કોલેજની વિદ્યાર્થીનીઓને પ્રવેશ મળી શકે છે. તથા રહેવા અને જમવાની સંપૂર્ણ સુવિધા નિઃશુલ્ક છે.

ભારતના કોઇપણ ખૂણે રહેતી કે.ડી.ઓ. દિકરી પ્રવેશ મેળવી શકે છે. આ સંસ્થાના પ્રમુખ તરીકે શ્રીમતી વિમલાબેન હેમરાજ ગોસર સેવા આપી રહ્યા છે.

ઉપરોક્ત માહિતી દ્વારા કે.ડી.ઓ. જ્ઞાતિના સર્વે વિદ્યાર્થીઓ તથા વાલીઓને ઉપરોક્ત સુવિધાઓનો લાભ લઇને ઉચ્ચ અભ્યાસ મેળવી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાના સ્વપ્નો પરિપૂર્ણ કરવા જોઇએ. ઉપરોક્ત બધી જ (ચારેય) સંસ્થાઓના ફોર્મ શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૬ ખાતે ઉપલબ્ધ છે. તથા **www.kdoedu.com** વેબસાઇટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

**C.A. હીરાચંદ દામજી દંડ (મંજલ રેલડીયા)**
**hirachanddand@gmail.com**

# ક.દ.ઓ. જૈન યુવકની ઈન્ટરનેશનલ જર્નલમાં સમીક્ષક તરીકે પસંદગી પામ્યા



કચ્છ માંડવીના ગોલ્ડ મેડાલીસ્ટ અને ક.દ.ઓ.સમાજના કુણાલ તિલકભાઈ ડાઘા વિરાયતન કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે.તેમની ઈન્ટરનેશનલ જર્નલમાં સમીક્ષક તરીકે પસંદગી કરાઈ છે અને સમાજનું નામ રોશન થયું છે. કુણાલના કામનું મૂલ્યાંકન ન કરી અમેરિકાની જર્નલ એડવાન્સ ઈન સાયન્સ ટેકેનોલોજી એન્ડ એન્જિનિરીંગ સિસ્ટમમાં મેકિનલ અને એન્જિયર ફિલ્ડમાં સમીક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગાંધીધામમાં કચ્છ બોડી બિલ્ડીંગ સ્પર્ધા યોજાઈ
● કચ્છગૌધન યાત્રાનો પિયોણી મહાદેવ નખત્રાણાથી પ્રારંભ થયો
● અંબરનાથમાં કચ્છી અગ્રણીઓ દ્વારા મનસે અધ્યક્ષનું સ્વાગત કરાયું
● બ્રિટન સ્થાનિક કાઉન્સિલ ચૂંટણીમાં ચાર કચ્છી ચૂંટાયા
● રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધામાં ઝળક્યા અંજારના બાળ કલાકારો
● કચ્છની રંગભૂમિ પર અમીટ છાપ પાડનાર કીર્તિ હાથી અનંત વાટે સિધાવ્યા
● મુંદરા જલારામ ખીચડીઘરના ૧૦૦ ગુરુવાર પૂર્ણ થતા વિશેષ સેવાકીય કાર્યો કરાયા
● દેવપુરમાં દેરાસરનો ૧૩૫મો ધ્વજારોહણ મહોત્સવ યોજાયો
● વાગડ બે ચોવીસી મહિલા મંડળ ભુજની નવી કારોબારીની રચના કરાઈ
● આદિપુરમાં મહાન હાસ્ય કલાકારનો જન્મદિન મનાવ્યો : ૧૨૯ ચાર્લી ચેપ્લિનની શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું
● રાતા તળાવ આશાપુરા મંદિરનો પાટોત્સવ યોજાયો
● લગ્ન પહેલાં થેલેસેમિયાના ચેકઅપ માટે જાગૃતિ જરૂરી અગ્રણીઓનું મંતવ્ય
● પરફોર્મન્સ ઓફ મન્થ કાર્યક્રમમાં ગીત અને સંગીતની રજૂઆત સાથે ઉગતા કલાકારોનું હીર ઝળક્યું
● વાગડ બે ચોવીસી મહિલા મંડળ દ્વારા સંબંધોની સરગમ કાર્યક્રમ યોજાયો
● જિંદા શહીદ, ૧૪ આતંકી હુમલા ઝેલનાર ઓલ ઈન્ડિયા એન્ટિ ટેરરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનીન્દર જિતસિંહ બિટ્ટા કચ્છની મુલાકાત લીધી
● ફોર્ટ બજારના વેપારી અગ્રણી અશોક પ્રેમજી પટેલ જૂના કટારિયાના સરપંચ પદે ચૂંટાયા
● વાંઢાયમાં ઉમિયા માતાજી સંસ્થાન નેત્ર ચિકિત્સા રક્તદાન કેમ્પ યોજાયો
● રાજગોર સમાજ મસ્કા દ્વારા અતિથિ ભવન નિર્માણની યોજના
● કોમન વેલ્થ ગેમ્સમાં ૧૫ વર્ષ વયે સુવર્ણ ચંદ્રક મેળવનારના પિતા કચ્છમાં ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા છે
● જખૌમાં સંતશ્રી ઓધવરામજી મહારાજના નૂતન મંદિરનો નિર્માણ કાર્યનો આરંભ
● ગાંધીધામમાં દેશના પ્રથમ એવા કેટ ગાર્ડનમાં બર્થડેની ઉજવણી કરાઈ
● દિલ્હીની ડિજિટલ ઈનોવેશન સમિટમાં કચ્છના પાબીબેન રબારીને એવોર્ડ એનાયત
● કચ્છી સર્જકની લઘુફિલમ આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ઝળકી
● ભુજમાં ત્રણદાયકાથી દરિદ્ર નિઃસહાય જનોને અપાય છે અનોખી ભોજન સેવા
● ઓધવરામ રથયાત્રાનું હમીરપરમાં સન્માન કરાયું
● કચ્છ કોર્પોરેટ ફોરમના પદાધિકારી વરાયા કારોબારી રચના કરાઈ
● મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા વરિષ્ઠ પત્રકાર મણિલાલ ગાલાને પત્રકારત્વ એવોર્ડ એનાયત
● ભુજ ખાતે કચ્છમાં પ્રથમવાર આયોજિત ફોટોગ્રાફી વર્કશોપમાં ૩૦ યુવતીઓ જોડાઈ
● નારાયણ સરોવર ખાતે બ્રહ્મલીન સંતની નિર્વાણતિથિએ વિવિધ કાર્યક્રમ

# સા. જય દર્શિતાશ્રી લેખિત સંપાદિત
# ‘‘પ્રભુ મિલનનો પંથ’’તથા ‘‘પૂર્ણતાનો પંથ’’ની ઘરબેઠા પરીક્ષા

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના સૂવર્ણ વરસીતપ પ્રસંગે સા. જય દર્શિતાશ્રી લેખિત સંપાદિત ‘‘પ્રભુ મિલનનો પંથ’’તથા ‘‘પૂર્ણતાનો પંથ’’ની ઘરબેઠા પરીક્ષા (Open Book Exam) ના આયોજનમાં સાધિક ૩૦૦ જણાએ ભાગ લીધેલ જેનું પરિણામ જાહેર થઈ ગયેલ છે. બન્ને પરીક્ષીઓનાં પ્રથમ પાંચ વિજેતાઓનું સન્માન આષાઢ સુદ ૫ ના તા. ૧૭ જુલાઈ ૨૦૧૮ ના બપોરના દેવલાલી મુકામે રાખવામાં આવેલ છે.તથા અન્ય પરીક્ષાર્થીઓને પોતાનું પ્રોત્સાહન ઈનામ તા. ૧૫ ઓગસ્ટ સુધી દેવલાલીથી મેળવી લેવા વિનંતી. બહુમાન પ્રસંગે વધુને વધુ સંખ્યામાં પધારી જ્ઞાન-અનુમોદનાનો લાભ લેવા વિનંતિ

‘‘પ્રભુ મિલનનો પંથ’’ વિજેતાઓના બહુમાનના લાભાર્થી છે. માતૃશ્રી મંજુલાબાઈ દામજી મૈશેરી (નાની સિંધોડી) ઘાટકોપર.


‘‘પૂર્ણતાનો પંથ’’વિજેતાઓના બહુમાનના લાભાર્થી છે. માતૃશ્રી ઈન્દુબાઈ વિરચંદ પટેલ (નલીયા) હુબલી યાસહુ વિજેતાઓને અભિનંદન લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના

– લી. લતા લહેરચંદ વીકમશી.

# ‘વૉટ્સ એપ એ કરાવ્યાં ૨૦૦૦ જૈન યુગલોના લગ્ન’

જૈનો ખાસ કરીને દેરાવાસી જૈનોનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓનાં લગ્ન થાય અને ઓ લગ્ન ટકી રહે એ માટે એક નવતર ડિજિટલ કૉન્સેપ્ટ ગોવાલિયા ટેન્કનાં દેરાવાસી જૈન ફેશન ડિઝાઈનર અને કાઉન્સેલર નિશા દીપેશ શાહે તૈયાર કર્યો છે.

નિશાબહેને ‘મન મિલાપ’નામનું એક વૉટ્સ એપ ગ્રુપ બનાવ્યું છે. નામ એવા ગુણ પ્રમાણે જે યુગલોનાં મન મળી જાય તેમને જ લગ્નગ્રંથિથી જોડાવું એવો તેમનો કૉન્સેપ્ટ સફળ થયો છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૦૦ જૈન યુગલો લગ્નગંથિથી જોડાયાં છે અને આશ્ચર્યની વાત એ છે કે એમાંથી એક પણ લગ્ન છૂટાછેડામાં પરિણમ્યું નથી. તાજેતરમાં જ સફળ લગ્નોની આ ‘ડબલ સેન્ચ્યુરી’ની ઉજવણી કરવા એક સમારોહ પણ યોજ્યો હતો.




આ વૉટ્સ એપ ફ્રેન્ડશીપ ગ્રુપની વિગતે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે લગ્નજીવનમાં પ્રથમ દાયકો કસોટીનો હોય છે. જો એ પાર કરી ગયા તો સંઘ કાશીએ પહોંચી જાય, પરંતુ માટે યુવક-યુવતીએ એકબીજાના વિચાર, ગમા-અણગમા જાણવા જરૂરી છે. વૉટ્સ એપના માધ્યમથી લગભગ બે મહિના સુધી એક બીજા સાથે ચેટ કર્યા બાદ જો બન્ને જણને લાગે કે અમે એકબીજા માટે યોગ્ય છીએ મુલાકાતોનો દોર શરૂ થાય. યુવક-યુવતી એકબીજાના ઘરે જાય, પરિવારજનોને મળે, પછી બહાર મુલાકાત કરે અને તેમને લાગે કે ‘‘જીવનનૈયા’’ પાર લાગે જશે ત્યારે જ લગ્ન માટે આખરી નિર્ણય લેવાય છે. આ પ્રક્રિયા લગભગ ચાર મહિનાની હોય છે ત્યાં સુધીમાં યુવક-યુવતી બન્નેને પાકો અંદાજ આવી જાય છે. કે પાત્ર પોતાના માટે યોગ્ય છે કે નહીં?

# સમસ્ત અચલગચ્છ સમાજ મુલુંડ દ્વારા આયોજિત સમસ્ત મુલુંડની અચલગચ્છની પાઠશાળા વચ્ચે યોજયેલી ક્વીઝ કોન્ટેસ્ટ ખૂબ સુંદર રીતે પરીપૂર્ણ





સમસ્ત અચલગચ્છ સમાજ મુલુંડ દ્વારા આયોજિત સમસ્ત મુલુંડની અચલગચ્છની પાઠશાળા વચ્ચે યોજયેલી Quiz Contest ખૂબ સુંદર રીતે પરીપૂર્ણ થઈ આમા કુલ ૨૮ ગ્રુપ હતા અને ૧૧૦ બાળકોએ ભાગ લીધો હતો. આમાં કુલ ચાર રાઉન્ડ હતા. તેમાં પહેલા રાઉન્ડમાં ૧લો નંબર સર્વોદયનગર, બીજો વર્ધમાનનગર અને ત્રીજો તાંબેનગર પાઠશાળાનો આવ્યો આમાં ભાગ લેનાર બાળકો ૭ થી ૯ વર્ષના વયના હતા. બીજા રાઉન્ડમાં ૧ લો અને ૨જા નંબર ગુલાબવાડી પાઠશાળા - ૩ જો નંબર તાંબેનગર પાઠશાળાનો આવ્યો આમાં ભાગ લેનાર બાળકો ૯ થી ૧૩ વર્ષની ઉંમરના હતા,



ત્રીજા રાઉન્ડમાં ૧લો મુલુંડ(ઈસ્ટ) બીજો, ત્રીજો ગુલાબવાડી પાઠશાળાનો હતો.

ચોથા રાઉન્ડમાં ૧લો નંબર ગોવર્ધનનગર બીજો મુલુંડ(ઈસ્ટ) ત્રીજો ગુલાબવાડી પાઠશાળાનો અવ્યો

અ પ્રસંગે Shining Star પાઠશાળાના ઉદ્દઘાટનની પણ જાહેરાત થઈ હતી અને વિદ્યાપીઠના પ્રમુખ શ્રી રામજીભાઈ તથા જતીનભાઈ પધાર્યા હતા. આ પ્રસંગે મુલુંડ અચલગચ્છ તથા તપાગચ્છના હાજર રહેલા બધા જ શિક્ષિકોબેનો બહુમાન કરવામાં આવ્યું હતું.

આ Quiz Contest નું સુંદર સંચાલન શ્રી કમલેશભાઈ લાપશીયાએ કર્યુ હતું. અનેક્ઝ તરીકે પંડિતવર્ય શ્રી વિશાલભાઈ, શ્રી ચેતનભાઈ સર તથા શ્રી જયેશભાઈએ સુંદર સેવા આપી.



ખૂબ જ સુંદર રીતે આ Quiz Contest પરિપૂર્ણ થઈ. બપોરની સાધર્મિક ભક્તિ અને સાંજે ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.

શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠ સંચાલીત શાઈનીંગ સ્ટાર પાઠશાળાની શરૂઆત ૩૦ જૂનથી દર શનિવારે રહેશે. ૫ વર્ષથી ૭ વર્ષ બાળકોની સમય સાંજે ૫ થી ૬ એને ૭ વર્ષથી ઉપરના બાળકોનો સમય સાંજે ૬.૪૫ થી ૮.૧૫નો રહેશે જૈન ફિલેસોપી, મોરલ વેલ્યું, સેટોરી હબુલી. સ્નાત્ર વગેરે પ્રોજેક્ટ દ્વારા શાખવાડવામાં આવશે. (અહીં બે લાઈન ટાઈપ કરવાની રહી ગઈ છે તે ફોર્મ દેરાસરની પેઢી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય, ઝવેર રોડ પરથી મેળના લેવા, આ શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં ભણાવવા માંહલા ટીચરોને વિપુલાબેન વીરા ૯૭૦૫૪૮૭૭૯૫નો સંપર્ક કરવો.

## અચલગચ્છીય જિનપૂજા વિધાનને સર્વમાન્ય સમર્થન

'નવજીવન ગ્રંથમાળા' (ગારિયાધાર-સૌરાષ્ટ્ર) જે 'જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના'ની શાખારૂપ છે તેમના તરફથી પ્રકાશિત થયેલા 'જિજ્ઞાસા' પુસ્તક જેના શ્રી માણેકલાલ મહેતા લેખક છે, તેમાં તેમણે જિનેશ્વર પરમાત્માના બિંબની નવાંગ પૂજા અંગે પણ એક પ્રશ્નત્તર લખે છે. વર્તમાનમાં પણ અંચલ (વિધિપક્ષ) ગચ્છના શ્રાવક-શ્રાવિકાઓ જિનપ્રભુની નવાંગ પૂજા કરતાં નીચે ન ઊતરતાં ઊંચે ચઢે છે, પૂ શ્રી મેઘરાજ મુનિ કૃત 'પૂજા' વર્તમાન કાળમાં ઉપલબ્ધ પૂજા સાહિત્યમાં સૌથી પ્રાચીન અને પ્રથમ મનાય છે. શ્રી મહેતાનો આ પ્રશ્નોત્તર મનનીય હોઈ અહીં આપેલ છે. - સંપાદક

**પ્રશ્ન :** શું ચાલતી આવતી નવ અંગની પૂજાનો ક્રમ બરાબર છે?

**ઉત્તર :** અત્યારની પ્રથા અનુસાર નવ અંગના દુહાપ્રમાણે : ૧) ચરણ, ૨) ઢીચણ ૩) કાંડું ૪) ખભા ૫) શિર ૬) ભાલ ૭) કંઠ ૮) હૃદય ૯) નાભિ. એમ ક્રમ રાખીને પૂજા કરવામાં આવે છે. આ રીતે નવે અંગ દ્વારા તીર્થંકર પરમાત્માએ અનંત ઉપકાર કરેલો છે, તેને આપણે યાદ કરીએ છીએ.

પરંતુ, આપણે સૌથી ઊંચું મોક્ષપદ (મુક્તિપદ) પ્રાપ્ત કરવું છે. ત્યાંથી ફરી આ સંસારમાં આવવાનું જ નથી. જ્યારે આપણે તો શિર ઉપર પાંચમું તિલક કરી પાછા નીચે ઊતરીએ છીએ. તે મારી માન્યતા મુજબ બરાબર લાગતું નથી.

પૂજ્ય શ્રી મેઘરાજ મુનિ કૃત 'સત્તર' ભેદી પૂજાની બીજી પૂજામાં કહ્યું છે, ''પૂજિયે નવ અંગે, ચરણ; જાનુ-કર, અસ' (નાભિ), હાર્દિ, બાહુ બેઉ અપાર;

કંઠ લલાટ, શિર વિલેપતાં રંગભર, પામીએ રે ભવતણો એમ પાર.''

આ પદ અનુસાર : ૧) ચરણ ૨) ઢીચણ ૩) હાથ (કાંડાં) ૪) નાભિ ૫) હૃદય ૬) ભાહુ (ખભા) ૭) કંઠ ૮) લલાટ ૯) શિર.

આ રીતે શિર ઉપર છેલ્લું તિલક કરવું એમ સ્પષ્ટ દેખાઈ આવે છે, અને તે જ યોગ્ય હોવું જોઈએ.

## શેઠશ્રી કુસુમકાંત નાગડાના નિધનથી ગામવાસીઓ શોકમગ્ન



મૂળ ગામ નલિયાના શેઠશ્રી કુસુમકાંત વર્ધમાનભાઈ જીવરાજ નાગડાના મુંબઈ મુકામે થયેલા અચાનક અવસાનના સમાચાર સાંભળી માદરે વતન નલિયા ગામવાસીઓ શોકમગ્ન બની થયા હતા. તા.૨૩ જુન શનિવાર રોજે ગામના વ્યાપારી ભાઈઓએ પોતાના રોજગાર બંધ રાખી શોક મનાવ્યો હતો.

સદ્‌ગતશ્રીની સર્વે સમાજ, ગામ અને દીન દુ:ખિયા પ્રત્યેઓની ભલી લાગણી સેવા પ્રવૃતિઓની ઊંડી નોંધ લઈ તેમના સારા કાર્યોને સ્મર્યા હતા આ દુ:ખદ પ્રસંગે ગામવાસીઓએ મહાજનના વિવિધલક્ષી હોલમાં એક શોકસભા તેમજ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયાએ રાખ્યું હતું. આ સભામાં વિવિધ જ્ઞાતિના અગ્રણીઓ તેમજ સામાજિક કાર્યકરોએ તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી પરમકૃપાળુ પરમાત્મા એમના પુનીત આત્માને ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

## અમારૂં નવું સરનામું અને ફોન

| | |
|---|---|
| **વિમલ કાનજી મૈશેરી** | ૬૭/૮૦૦, કામાવતી એપાર્ટમાર્ટમેન્ટ-૧, પારસ નગર પાર્ટ ૨, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ- ૩૮૦૦૬૩. મો. : ૦૯૯૩૦૪૧૭૬૬૫ |
| **નરેશ શામજી ખોના** | ૨૧૦૩, વાસુદેવ હાઈટ્સ, નાહુર ગોરેગામ લિંક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: ૦૯૬૧૯૨૬૯૨૮૫ |
| **તેજલ શામજી શાહ (લોડાયા)** | ૪૦૫, ગૌતમ પાર્ક, પાંચ પખાડી રોડ, ચંદ્રપ્રભુ જૈન મંદિરની પાછળ, નૌપાડા, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૨. મો. : ૦૯૮૨૦૦૪૭૨૬૬ |

# તિથિનો ભાવાર્થ

જીવ એકલો આવે અવેને એકલો જાય તેને એકમ કહેવાય
જીવ બે પ્રકારના ધર્મ : (આગાર -અણગાર)માંથી ધર્મ કરે તે તેને બીજ કહેવાય
જીવ દેવ-ગુરૂ-ધર્મ આરાધે તેને ત્રીજ કહેવાય
જીવ દાન-શીલ-તપ-ભાવને આદરે તેને ચોથ કહેવાય
જીવ પાંચ ઈન્દ્રિયને વશમાં રાખે તેને પાંચમ કહેવાય
જીવ છ કાયની રક્ષા કરે તેને છઠ્ઠ કહેવાય
જીવ સાત કુવ્યસન ત્યાગે તેને સાતમ કહેવાય
જીવ આઠ કર્મ ખપાવવાનો પ્રયત્ન કરે તેને આઠમ કહેવાય
જીવ નવ વાડ બ્રહ્મચર્ય પાલન કરવાનો કરે તેને નોમ કહેવાય
જીવ દસ યતિ ધર્મનું યથાશક્તિ પાલન કરે તેને દસમ કહેવાય
જીવ અગિયાર શ્રાવકની યતિ પડિમાને ધારે તેને અગિયારશ કહેવાય
જીવ બાર પ્રકારની તપશ્ચર્યામાં મન પરોવે તેને બારસ કહેવાય
જીવ તેર કાઠિયા દૂરકરવાનો પ્રયત્ન કરે તેને તેરસ કહેવાય
જીવ ચૌદ નિયમોનું પ્પાલન કરે તેને ચૌદસ કહેવાય
જીવ પંદર ભેદે શુદ્ધ નિયમ પાળે તેને પૂનમ કહેવાય
જીવ ભગવાન મહાવીર જે દિવસે મોક્ષે હયા તેને માને અમાવશ માને છે.


VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup •Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660, 9869167172, 8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree
Silk Saree Emporium
28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

## મુંબઈમાં જૈન સમાજના દર્દીઓ માટે નિઃશુલ્ક આવાસ સુવિધા

મુંબઈ મધે બહારગામથી ઈલાજ-સારવાર માટે આવતા જૈન સમાજના પરિવાર માટે રહેવાની સુવિધા દક્ષિણ મુંબઈ-કાલબાદેવી રોડ પર શ્રીમતી મંજુલાબેન છગનલાલજી જૈન પરિવાર મુંબઈ, મરૂધર મેં બાગરા દ્વારા કરાઈ છે. હોસ્પિટલમાં ઈલાજ માટે આવનાર દર્દી તથા તેમની સાથેના ત્રણ બરદાસ રહી શકશે. સોફા, બેડ તથા ગરમ પાણીની સુવિધા પણ સાથે રહેશે જે માટે ઓછામાં ઓછું ચાર્જીસ આપવાના રહેશે. વહેલો તે પહેલોના ધોરણે રૂમ સુવિધા ઉપલબ્ધ રહેશે. જે માટે બે દિવસ અગાઉથી ફોન કે ઈ-મેઈલ દ્વારા સૂચના આપી બુકીંગ કરાવી શકાશે. નિયમ પાલન શર્ત મુજબ પાલન કરવું પડશે. દર્દીનો આધારકાર્ડ લાવવું જરૂરી રહેશે. સંપર્ક : ૦૨૨-૨૨૦૧૧૯૧૯ વોટસએપ નં. શ્રીકાંત જૈન-૯૩૨૧૦૧૧૯૧૯, ઈ-મેઈલ roomseva56@gmail.com અને સરનામું શ્રીકાંત જૈન, ૬/૮ કલ્યાણજી હંસરાજ બિલ્ડીંગ, નવી હાલાઈ ભાટિયા મહાજન વાડી, ૧લે માળે, રૂમ નં.૧૬એ, કોલભાટ લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

## મુલુંડ મધે ચાતુર્માસની વધામણી : ૧૮ જુલાઈ બુધવારના કરશે ગુરૂવર્યાશ્રી પધરામણી

વાસુપૂજ્ય દાદાની મીઠી મહેરથી ગુરુદેવ ગુણસિંધુ સૂરિની કૃપા લહેરથી તપચક્ર-ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂ.મ.સા.ના આજ્ઞા મુર્હુત આશીર્વાદથી, સાહિત્ય સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સૂ.મ.સા., પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગર સૂ.મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગર સૂ.મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂ.મ.સા.ના મંગલ આશિષથી અચલગચ્છાધિપતિ શ્રી ના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની મહતરા, અચલગચ્છ શ્રમણી મુખ્યા પ.પૂ.સાધ્વીવર્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા-પ્રશિષ્યા સરલહૃદયા પ.પૂ.ગુરુવર્યા શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., M.A., M.Phil, Ph.D ગૌવિજ્ઞાન પૂ.સા.શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા-૪નું જાજરમાન ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ સાતમ, તા.૧૮-૭-૨૦૧૮ બુધવારના સલુણી સવારે, મંગલ-મુર્હૂતે છે.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**


**જીવનમાં હજાર દુઃખ આવે**
**મનને સદા હસાવજો,**
**કોઈ લાખ રૂપિયા ધરે તો**
**પણ એને ઠુકરાવજો**
**સંબંધ રાખજો દિલથી**
**તેની દોસ્તી જીવનભર નિભાવજો**



**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**(સુથરી)**

# જીવનઘટમાળ

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૪-૧૮ | અમદાવાદ | વિહાન, જીગ્ના, રાકેશ વાલજી છેડા | જસાપર | પુત્ર |

## સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૬-૨૦૧૮ | વાપી | કેવલ કિશોર ઉંમરશી નાગડા | નલિયા | ૨૭ |
| | અમદાવાદ | જલ્પા દિલીપ મેઘજી મોમાયા | વરાડિયા | ૨૬ |
| ૧૫-૦૬-૨૦૧૮ | ભાંડુપ | જીગર ચંદ્રકાંત દામજી નાગડા | પરજાઉ | ૨૮ |
| | બેંગલોર | અદિતી મુકેશ પ્રેમચંદ ડાઘા | વરાડિયા | ૨૬ |
| ૧૫-૦૬-૨૦૧૮ | ડોંબિવલી | દિપક પ્રવીણ પદમશી દંડ | વરાડિયા | ૨૮ |
| | ડોંબિવલી | બીના નીલેશ શિવજી મૈશેરી | વારાપધર | ૨૩ |
| ૧૫-૦૬-૨૦૧૮ | નીમચ | ભાવીલ દિપક નવીનચંદ મોતા | સુથરી | ૨૩ |
| | મુલુંડ | જીનલ પ્રફુલ આણદજી મોતા | કોઠારા | ૨૨ |
| ૧૫-૦૬-૨૦૧૮ | પુણે | જીત તિલકચંદ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૭ |
| | નીમચ | આયુષી તુષાર જયચંદ લાલકા | પરજાઉ | ૨૩ |
| ૧૫-૦૬-૨૦૧૮ | ડોંબિવલી | આદિત્ય જીતેન્દ્ર હંસરાજ લોડાયા | વરાડિયા | ૨૮ |
| | ભાંડુપ | હિરલ મણીલાલ પદમશી ખોના | સાંધવ | ૨૮ |
| ૧૫-૦૬-૨૦૧૮ | બીલીમોરા | હરેશ હિરેન દામજી વિકમશી | રાણપર | ૨૫ |
| | વડોદરા | જલ્પા કનકસેન નારાણજી નાગડા | નલિયા | ૨૩ |
| ૧૮-૦૬-૨૦૧૮ | મુલુંડ | ચંદ્રેશ ભવાનજી (સોમચંદ) વેલજી લોડાયા | આરીખાણા | ૩૫ |
| | મસ્જીદબંદર | ડાયના વિજય કાનજી વીકમશી | સુથરી | ૩૩ |
| ૧૮-૦૬-૨૦૧૮ | વડોદરા | પ્રશાંત મહેન્દ્ર શામજી નાગડા | નલિયા | ૨૯ |
| | સિકંદરાબાદ | જિનભક્તિ વિજય જેઠાભાઈ ધરમશી | કોઠારા | ૨૫ |
| ૨૧-૦૬-૨૦૧૮ | મુલુંડ | બાદલ નરેશ શામજી ખોના | સાંયરા | ૨૯ |
| | અંજાર | પૂજા નવીનચંદ્ર વેલજી સોની | જખૌ | ૨૭ |


## આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૬-૨૦૧૮ | ડોંબિવલી | ચિંતન મુકેશ ભવાનજી શાહ (લોડાયા) | મોટી સિંધોડી | ૨૬ |
| | ડોંબિવલી | કિંજલ ખુશાલ લાલજી સંગોઈ | ગુંદાલા | ૨૪ |
| ૧૭-૦૬-૨૦૧૮ | મુલુંડ | ઉજ્જવલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૩૫ |
| | કલકત્તા | રાધિકા દીક્ષિત છોટાલાલ આર્ય | પોરબંદર | ૩૦ |
| ૧૭-૦૬-૨૦૧૮ | મુલુંડ | પ્રેરીન પંકજ દામજી ગોસર | ગોએરસમા | ૨૯ |
| | ત્રિચી | શક્તિનિવેદિતા શાનમુગવેલુ કૈલાશનાથન | ત્રિચી | ૨૫ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૫-૨૦૧૮ | ભાંડુપ | ભાવેશ જીતેન્દ્રકુમાર ટોકરશી લોડાયા | રવા | ૨૭ |
| | ભાંડુપ | મિતલ પ્રફુલ લખમશી મોમાયા | વરાડિયા | ૨૮ |
| ૧૭-૦૫-૨૦૧૮ | મુલુંડ | રાહુલ રતિલાલ દેવજી નાગડા | રાપરગઢવારી | ૨૪ |
| | વાપી | પ્રાચી પંકજ મુલચંદ લોડાયા | નલિયા | ૨૨ |

# શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ
૦૬-૧૨-૧૯૪૧

અવસાન
૨૧-૦૬-૨૦૧૮

## શેઠ શ્રી કુસુમકાંત વર્ધમાનભાઈ જીવરાજ નાગડા

**(ગામ - નલિયા)**

આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ,
આપની છાયા વડલા સમી, ને કાર્ય કર્યા નદી સમાન.
અમી ભરેલી નજરો હતી, હૈયે હતાં હેતના ધોધ,
સુંદર જીવન જીવી ગયા, આપ્યો સૌને સત્કર્મોનો બોધ.

પૂર્વજ વડીલોના સેવા, સત્કાર્યના પંથે ચાલી આપે
પરિવારનું નામ ઉજળું કર્યું અને સમાજના રાહબર બન્યા આપની
સ્મૃતિ સદાય અમારા હૈયાને સતત હરિયાળા રાખશે.

એજ લી. શોકાતુર

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મહાજન નલિયા**
**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ નલિયા**
**ટ્રસ્ટીગણ તેમજ ગામવાસીઓ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં

**નીશિથ એ. દંડ**
(સેક્રેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine